# કાંકરેજ તાલુકામાં ભાજપનો સફાયો

## ૬ જિલ્લા પંચાયત અને ૨૧ તાલુકા પંચાયતની સીટો ઉપર કોંગ્રેસનો કબ્જો







કાંકરેજ તાલુકામાં આજે જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની મતગણતરી હાથ ધરાતાં કાંકરેજ તાલુકાની જિલ્લા પંચાયતની ૬ બેઠકો ઉપર કોંગ્રેસનો જવલંત વિજય થયો હતો જ્યારે તાલુકા પંચાયતની ૩૦ સીટોમાંથી ૨૧ સીટો કોંગ્રેસે કબ્જે કરી હતી જ્યારે ભાજપને ફાળે માત્ર ૮ સીટો આવી હતી અને ૧ બેઠક ઉપર અપક્ષનો વિજય થયો હતો. સમગ્ર કાંકરેજ તાલુકામાં કોંગ્રેસનો વિજય થતાં મતદારો વિજયી ઉમેદવારોના સરઘસ કાઢીને વિજયની ખુશી વ્યક્ત કરી હતી જ્યારે તાલુકામાંથી ભાજપના ઉમેદવારોને હાર સહન કરવાનો વારો આવ્યો હતો.

## શ્રીમતી એમ.યુ. પેથાણી આદર્શ પ્રા. શાળા ડીસા ખાતે માતૃ-પિતૃ વંદના કાર્યક્રમ યોજાયો



(મે.ન્યુ.સ.) પાલનપુર, તા. ૨૩

ભારતીય સંસ્કૃતિની રક્ષા માટે સંસ્કાર ઘડતરનું કામ કરતી શ્રીમતી એમ. યુ. પેથાણી આદર્શ પ્રાથમિક શાળા - ડીસા ખાતે માતૃ-પિતૃ વંદના કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના વિશાળ પટાંગણમાં લગભગ બસોથી વધારે વાલીઓનું તેમના બાળકો દ્વારા પૂજન કરવાનો અનોખો કાર્યક્રમ યોજાયો હતો ત્યારે અનેક વાલીઓ લાગણીશીલ બન્યા હતા. બાળકોએ પોતાના માતા-પિતાને કુમકુમ તિલક કરી, અક્ષત લગાવી માતા-પિતાની આરતી ઉતારીને માતા-પિતા વંદના - પૂજા કરી હતી ત્યારે ઉપસ્થિત માતા-પિતા પણ લાગણીશીલ બન્યા હતા અને પોતાના બાળકોને માથા પર હાથ રાખી આશીર્વાદ આપ્યા હતા.

# ગઝલનો રસાસ્વાદ



- સપના વિજાપુરા

**એક પંખીનું એ પીંછું બસ, ખર્યાની વાત છે,**
**એ પછી પર્ણો બધાં ટહુકો થયાની વાત છે.**

**ધૂળ બાઝેલી ક્ષણો લૈ ઘર તો બેઠું ઓટલે,**
**લ્હેર એકાદી પવનની લાવવાની વાત છે.**

**બ્હાવરી એ માતને આખર મળી ગયું છોકરું,**
**મેળા વચ્ચે હર્ષ, આંસુઓ સર્યાની વાત છે.**

**એક કુંભારે હજી એ ઠામ પાકું ના કર્યું,**
**વાદળી આવીને ત્યાં વરસી ગયાની વાત છે.**

**હાથ તારો આ ખભા પર ટેકવી દે આજ તો,**
**જિંદગીનાં છે ચઢાણો, પગ ટક્યાની વાત છે.**

**ઝાડનું એ થડ પછી તો બહુ મુલાયમ થઈ ગયું,**
**કાફલો કીડીનો ધીરેથી વહ્યાની વાત છે.**

**ચાદરો પર સળ ઘણીયે એ સવારે જે હતી,**
**રાત આખી એક શમણું સળવળ્યાની વાત છે.**

**ઓરડાનું દ્વાર આજે સ્હેજ ખુલ્લુ રહી ગયું,**
**પાંદડું દોડીને ઘરમાં જઇ ચઢ્યાની વાત છે.**

**છે બિલાડીનું જરા સાબૂત એ માતાપણું,**
**ચારમાંથી એક બચ્ચુ જીવી ગયાની વાત છે.**

**ભર ઉનાળે ધૃષ્ટ તડકાને જરા અટકાવવા,**
**ઝૂંપડીની ભીંત પર ડૂચા મુક્યાની વાત છે.**

**આમ તો કૈં કેટલાયે જન્મ હું જીવી ગયો,**
**આ વખત બહુ આકરી તમને મળ્યાની વાત છે.**

**- સાકેત દવે**

કવિ શ્રી સાકેત દવે ચોટદાર ગઝલ લખવાના માહીર છે. વાત છે રદીફ લઈ કવિ એક સુંદર ગઝલ આપે છે. પંખીનું એક પીંછું ખરે તો બધાં પર્ણો પર શી અસર થાય છે? બધાં પર્ણો ટહુકો કરે છે. એક ઘર સાથે કેટલી વાતો કેટલા સ્મરણ સંકળાયેલાં હોય છે. આ ઘર પર એ બધી ધૂળ ચડેલી ક્ષણોને બસ એક યાદ ના પવનની લહેરખી ની જરૂર હોય છે..યાદનો પવન એ ધૂળ ઉડાડી બધા સસ્મરણોને પારદર્શક કરી શકે છે..બાળક જયારે માતાથી વિખૂટું પડી જાય અને પછી અચાનક મળી જાય ત્યારે જે હર્ષના આંસુ માતાની આંખોમાં થી વહે છે એની વાત જ નીરાળી છે.આ શેરમાં કવિ માણસની કમનસીબી ની વાત કરે છે કે કુંભારે હજુ કાચું વાસણ બનાવ્યું હતું અને વાદળી વરસી ગઈ અને એ કાચું વાસણ ફરી માટી બની ગયું, કોઈનું નસીબ બે ડગલાં આગળ હોય છે.જીવનસાથી કોનું નામ? જે સુખ તેમ જ દુ:ખમાં સાથ આપે!! બસ દુનિયાનાં કોઈ પણ દુખ ઉઠાવી લઈશ જિંદગીના ચઢાણ પર ટકી જઈશ બસ તારો હાથ ખભા પર જોઈએ!! ફરી ઝાડની એક પંક્તિ લઈ આવે છે કે ઝાડના ખડબચડા થડ પર કીડીઓ પોતાનો કાફલો લઈ ચાલે છે એ થડ થોડું વધારે મુલાયમ થઈ જાય છે!! કીડીની મુલાયમપણું ઝાડને સ્પર્શી જાય છે..તેમજ સારા માણસની સોબત માણસને સારાં બનાવે છે..'કરવટે બદલતે રહે સારી રાત હમ આપકી કસમ!!' બિસ્તરની સળ પરથી ખબર પડે છે કે વ્યકતિએ કેટલી તડપીને રાત કાઢી હશે..અને એક શમણું આખી રાત સળવળતું રહ્યું હશે!!બહારની હવા પણ આપણે ઘરમાં આવવા દેતા નથી.સહેજ બારણું ખુલ્લું રહી જાય અને એક પાંદડું ધસી આવે ઘરમાં..હ્રદયના દરવાજા બંધ કરીને બેસી રહીએ પણ અનાયસે હ્રદયનાં દ્વાર ખુલ્લા રહી જાય અને પાંદડાની જેમ કોઈ હ્રદયમાં અચાનક આવી ચડે! કવિ પછીના શેરમા બિલાડી નો દાખલો આપે છે ચારમાંથી એક બાળક જીવી ગયું એ માટે એનું માતાપણું સાબિત કરે છે..ઈન્સાન જો પોતાની કુખમાં દીકરી હોય તો એને મારી નાખે છે..પણ એ અકુદરતી છે અને એ માતાનું માતાપણાની સાબિતી છે ખરી?!!વળી ગરીબ જયારે કાગળના ડૂચા મારી સખત તડકા ને ઘરમાં આવતા અટકાવવા પ્રયત્ન કરે છે.ત્યારે એની દરિદ્રતા જોઈ આંખમાંથી આંસુ આવી જાય છે.ચોરાશી જનમ માં જયારે તમે મળ્યાં એજ જિંદગી આકરી લાગી એ વાત છે!! કવિ મક્તાના શેરમાં પોતાની પ્રિયતમાને લીધે જિંદગી આકરી થઈ છે એમ જણાવે છે..ખૂબ સુંદર ગઝલ!!

- સપના વિજાપુરા

## ટુ ધી પોઈન્ટ... (પહેલા પાનનું ચાલુ)

ગુમાવી ચૂકી છે. આજની સોના, ચાંદીની કલમોથી માત્રને માત્ર ભાટાઈ અને ખોટી પ્રશંસા લખાય છે, સત્યના બદલે અસત્યનો પ્રચાર થાય છે. કરોડોના કૌભાંડીઓ આજના પત્રકારને ૨૦૦-૫૦૦ની ભેટ આપી ભરપેટ ભોજન કરાવી કૌભાંડ ઉપર મખમલી ચાદર ઓઢાડી દેતા હોય છે. પ્રીન્ટ મિડીયાની સાથે સાથે ઈલેક્ટ્રોનિક મીડીયાને પણ ભ્રષ્ટાચારની ઉધઈ વળગેલી છે. તેનું તાદશ્ય ઉદાહરણ તાજેતરના ભૂતકાળમાં એક ટીવી ચેનલનું સ્ટીંગ ઓપરેશન છે. ભ્રુણ હત્યા કરનારા ૧૫૦ નરાધમ તબીબો ટીવી ચેનલના ગુપ્ત કેમેરામાં ઝડપાયા એવી જાહેરાત કરાઈ હતી. પણ પોલ કેટલાની ખુલી ? માત્ર ૧૦ કે ૧૫ ડૉકટરો અને તે વિષેની વાતચીતને જાહેર કરાઈ એ તો બધા જાણે છે પણ બાકીનાઓનું શું ?? આવા થોડા ઉદાહરણરૂપ કિસ્સા બતાવ્યા બાદ બીજા જે કેમેરામાં ઝડપાયા હતા શું એ બધા એ ચેનલોવાળાના સગા હતા કે તેમને જાહેર ન કર્યા? કહેવાય છે કે આવા ઝડપાયેલા બાકીનાઓના સોદા રૂા. ૨૫ થી ૫૦ લાખમાં થયા એટલે એમના નામ બહાર ન આવ્યા. એજ મુજબ એક સ્ટીંગ ઓપરેશનમાં દેશના કેટલાક સાંસદો લાંચ ખાતા ઝડપાયા તો તેઓ સસ્પેન્ડ થયા વાસ્તવમાં જેટલા જાહેર કર્યા તેના કરતાં દશ ગણા વધારે સાંસદો લાંચ ખાતા ઝડપાયા હતા પણ ચેનલવાળાને તો તડાકો પડી ગયો. થોડાને જાહેર કરી બાકીના પાસેથી ભરપેટ રકમ વસુલ કરી લીધી. આમ ઉચ્ચકક્ષાએ પત્રકારત્વમાં ખાયકી અને સ્વાર્થનો જો લુણો લાગેલો હોય તો બીજા નાના પત્રકારોની શી દશા હશે એ જ વિચારવું રહ્યું. આ દેશના બંધારણે અખબારોને ચોથી જાગીર તરીકે સન્માન્યા છે. કાયદો ઘડનાર પ્રજા પ્રતિનિધિ સભા, બ્યુરોક્રેશી અને ન્યાયતંત્ર આ ત્રણે સત્તાઓ ઉપર અંકુશ રાખવા બંધારણે પ્રેસને અલાયદી સત્તા આપી ત્રણે સત્તાને સજાગ રાખવા યોગ્ય ટીકા કરવાનો અધિકાર આપ્યો છે. એટલે આજનો પત્રકાર માત્ર વટ પાડવા, ભેટ મેળવવા અને બ્લેક મેઈલ કરવાના ગોરખધંધામાં લાગી ગયેલ છે. પોતાનું સત્વ ગુમાવીને અસત્યનો પ્રચાર કરવામાં, દેશનું ધનોત પનોત કાઢવા માટે જો કોઈ જવાબદાર હોય તો તે આજનો પત્રકાર છે જે પોતાનો ધર્મ ભૂલી ગયો છે.

આજના પત્રકારત્વે આત્મ મંથન કરવાની જરૂર છે. આજના મોટાભાગના પત્રકારોનાં હ્રદયમાં રાષ્ટ્ર પ્રત્યેની વફાદારી તો જોવા મળતી નથી બલ્કે પોતાની જવાબદારીનું ભાન સુધ્ધાં નથી અને જેને છે તો પોતાની જાતને વેશ્યાની જેમ સતત વેચતા ફરે છે સત્તાખોરોની ચાપલુસી અને દલાલી કરતા ફરે છે. ડગલેને પગલે તોડ કરતા ફરે છે. એઈડ્સ કરતા પણ ભ્રષ્ટાચાર વ્યાપક રીતે સત્તાના દલાલોના લોહીમાં છે. આવા કાળમીંઢ હ્રદય ધરાવનારા પાસેથી ત્યાગ, બલિદાન અને કરુણાનો છાંટો ક્યાંથી મળે ? અક્કલ ભગવાને આપી છે પણ અક્કલનો ઉપયોગ પ્રજાનું લોહી પીનારાઓને પોરસ ચડાવવા સિવાય બીજે ક્યાંયે કરવો નથી અસત્યને સત્યના વાઘા પહેરવનારા નખ્ખોદીયા પત્રકારો જ આ દેશની બરબાદી માટે પુરેપુરા જવાબદાર છે.

આજના પત્રકારો ગાંધીજીના પેલા ત્રણ વાંદરા જેવા છે. સચ્ચાઈ જોઈને આંખો બંધ કરી દે છે, સાચુ સાંભળવું નથી એટલે કાન બંધ કરી નાંખે છે અને સાચું બોલવું નથી એટલે મોંઢા બંધ કરી દેતા હોય છે ત્યાં સાચું લખવાની અપેક્ષા કેવી રીતે રાખી શકાય એજ યક્ષ પ્રશ્ન આજે સમાજ સામે ડાચું ફાડીને ઉભો થયો છે.

શ્રધ્ધેય સ્વામી સચ્ચિદાનંદજીએ કહ્યું છે કે, તલવારની કાયરતા કરતાં કલમની કાયરતા હજારગણી વધારે નુકશાન કારક છે. પ્રજાની આજે અસહાય સ્થિતિ છે તે માટે આપણી લોકશાહી તથા સમાજની સાથે સાથે આજનું પત્રકારત્વ પણ અવ્વલ નંબરે જવાબદાર છે જે અખબારી ધર્મ નિભાવવાના બદલે ચાપલુસીવેડા કરે છે અને મુડીવાદી બની ગયેલ છે. મોટામાં મોટા ગુનાને ઢાંકવા કાગળના ચંદ ટુકડા જ કાફી છે એટલી હદે પત્રકારત્વનું હનન થયું છે.

કહેવાય છે કે, ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી જ્યાંને ત્યાં પત્રકારોને ભાંડતા ફરે છે, પત્રકારોને ઉતારી પાડે છે, પત્રકારોની ઠેકડી ઉડાવે છે છતાં ગુજરાતના એક પણ પત્રકારમાં હિંમત નથી કે મોદીને પુછે કે આવું કેમ કરો છો ? ખમીર અને ખુદ્દારી બન્ને ગુમાવી ચૂકેલા આજના પત્રકારોને ન. મો. બરોબર ઓળખી ગયા છે એટલે મોદી જે બોલે છે એ સાચું બોલે છે કેમકે મોદીને કડવું સત્ય વદવાની આદત છે ખાસ કરીને પત્રકારોના ટોળે ટોળાં જોઈને મોદી ભારે વ્યંગ કરે છે ચાબખા મારે છે છતાં મુંગા મોંઢે હસતાં હસતાં કહેવાતા પત્રકારો ચૂપચાપ સહન કરી લે છે. કેમકે મોદી સાચું કહે છે અને એવું પણ નથી કે તમામ પત્રકારોથી મોદી નફરત કરે છે જે સાચા પત્રકાર છે, મોદીની સાચી ટીકા કરતાં જરાયે ડરતા નથી એવા સાચા પત્રકારોને મોદી શીરપાવ પણ આપે છે. કદર પણ કરે છે, મોદી માને છે કે, એક ગામમાં એક સાચો પત્રકાર રહેતો હોય તો આખા ગામમાં કોઈપણ પ્રકારની ગંદકી પ્રવેશી શકતી નથી, એક પણ ગોરખધંધો ચાલી શકે નહિ, પત્રકાર જાગૃત હોય તો કોઈ કર્મચારીની તાકાત છે કે, ભ્રષ્ટાચાર આચરે ? આ દારૂ-જુગાર અને અસામાજીક ધંધાઓના અડ્ડા પોલીસ નથી ચલાવતી પણ પત્રકારોની રહેમ તળે ચાલી રહ્યા છે. જ્યાં એક સાચા પત્રકારમાં આટલી બધી તાકાત હોય તો પછી જ્યાં પત્રકારોના ટોળેટોળાં ઉભરાતા હોય એ વિસ્તારનો કેટલો વિકાસ થાય એ વિચારી જુઓ. પત્રકારત્વની જમાતમાં ઘુસી આવેલા અસામાજીક તત્વોએ આખા પત્રકારત્વને લાંછન લગાડેલ છે. પહેલાં અખબારમાં જરાક છપાતું તો લોકો લાજના માર્યા મોંઢુ સંતાડતા ફરતા હતા આજે નામજોગ છપાય, વારંવાર છપાય, ફોટા સાથે છપાય છતાં કોઈને લાજ શરમ આવતી નથી એટલી હદે પત્રકારત્વનું હનન થયું છે.

પત્રકારત્વના નેગેટીવ એપ્રોચને લઈ જાહેર જીવનમાં આદર્શો અને મૂલ્યોની આચારસંહિતાની નિયમિત હત્યા થતી હોય પછી એ રાષ્ટ્રનું ચારિત્ર્ય કેવું..? પ્રજાની સેવા માટેના ક્ષેત્રમાં સત્તા દલાલોની સેવા થાય છે અને પ્રજાની સેવામાંથી બાદબાકી કરાય છે એવા મહાન છે આજના આપણા પત્રકારો. કાગળના ચંદ ટુકડાઓ ખાતર ભ્રષ્ટાચાર, કૌભાંડને પોષવા દેશના દરેક સર્વોચ્ચ સ્થળોનો છૂટથી ઉપયોગ થાય છે એવું સ્ટીંગ ઓપરેશનોમાં સાબિત થઈ ચૂક્યું છે. આજના ભેટ ભૂખ્યા અને ભોજન ભૂખ્યા પત્રકારો કરોડોના કરવેરા ન ભરતો હોય તેવાઓને પ્રજાની સામે માનમોભાથી ફોટા સહિત દેખાડતા હોય છે અને બે રૂપિયાની બસની કે ટ્રેનની ટિકિટ ન લઈ શકનાર દરિદ્ર આ દેશના માલિકને કેદ થાય છે તો અખબારો, મોટા મોટા અક્ષરે ચિતરવા માંડે છે કે, 'ખુદાબક્ષો પકડાયા...' ક્યાં જઈને અટકશે આજનું પત્રકારત્વ એજ મોટો સવાલ છે.

વાહનો ઉપર ''પ્રેસ''ના બોર્ડ લગાવી વટ મારીને ફરતા એ ઉઘાડપગાઓને ક્યાં ખબર છે કે, પત્રકારત્વ શું છે ? પત્રકારત્વ એ સત્યની શોધની અખંડ આરાધના છે અને સત્ય મોટે ભાગે વરવું નહીં તો કડવું તો હોય છે જ. આ પત્રકારત્વનો સાચો ધર્મ બજાવવો હોય તો સમાચારોનું ઘમ્મર વલોણું વલોવી કડવા વખ જેવા સત્ય બહાર લાવવાં જ પડે તો જ પછી બહુજનોના યોગક્ષેમ અને સુખના અમૃતની કૂંપી સમાજને સાંપડી શકે. પરંતુ પત્રકારત્વના સાચા ધર્મને પારખનાર આ જમાતમાં બહુ ઓછા છે. આજના લેભાગુ પત્રકારો તો પોતાને આમ પ્રજાથી અલગ - વેરી ઈમ્પોર્ટેન્ટ પર્સન એટલે કે પોતાની જાતને વિશેષ અને વી. આઈ. પી. ગણાવતી આ ઢોંગી, લબાડ, લંપટ અને લાલચી જમાતના માપ માટે કોઈ મૂલ્યો રહ્યાં નથી કેવળ કિંમત જ રહી છે. ''યહાં હર ચીઝ બીકતી હૈ, ખરીદદાર ચાહિયે.....'' મૂલ્યો, આદર્શો, ખમીર અને ખુદ્દારી સુધ્ધાં આજના ઉઘાડપગા અને રૂઆબ જમાવતા પત્રકારોએ વેચી ખાધા છે એટલે જ પત્રકારત્વ બદનામ બદનામ થઈ ચૂક્યું છે.

હજુ પણ આ લાઈનમાં ઘુસી આવેલા તકવાદી અને સ્વાર્થીઓ સમજી લે કે પત્રકારત્વ એટલે સત્યની આરાધના. સત્ય પર પ્રકાશ પાડે અને સત્યાર્થનો પ્રકાશ સાધે એ જ પત્રકારત્વ. સત્ય એ જ શિવ છે અને શિવ એજ સુંદર છે. એ દરેક સાચા પત્રકારનો સોહમ મંત્ર હોવો જોઈએ અને આ વાત જ્યારે સમજાઈ જશે ત્યારે જ લોભ, લાલચ અને ભયમાં લપેટાયેલી ચોથી જાગીરની ઈમેજ સુધરી જશે અને તો જ ખરા અર્થમાં ચોથી સત્તા બનશે તેમાં શંકાને સ્થાન નથી. કેમકે...

ગુજરાતી પત્રકારત્વનો ઈતિહાસ ઉજળો છે ખાસ તો દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં મહત્વનું યોગદાન આપ્યું છે, ખૂદ મહાત્મા ગાંધી પોતે પત્રકારત્વના જ્યોતિર્ધર હતા. 'વન જીવન' દ્વારા તેમણે અન્યાય અત્યાચાર અને અંગ્રેજોના આતંકનો નગ્ન ચિતાર આપતાં પ્રજામાં જાગૃતિ આવી હતી. અમદાવાદમાં ગુજરાત સમાચાર, સંદેશ, પ્રજાબંધુ, પ્રભાત, જયહિન્દ, ગુજરાત મિત્ર, જન્મભૂમિ, ફૂલછાબ આ તમામ અખબારોએ આઝાદીના જંગ વખતે લોકપ્રહરીની ભૂમિકા સુપેરે ભજવી પ્રજાની આકાંક્ષાઓને ઈમાનદારીપૂર્વક વાચા આપી હતી. આજે પરિસ્થિતિ સુધરવાના બદલે ખાઉ... ખાઉ.. કરતા ભ્રષ્ટ પત્રકારોની હલકી મથરાવટીને લઈ એટલી હદે બગડી છે કે, અખબારોએ વિશ્વસનીયતા ગુમાવી દીધી છે અને હવે છાપાં વેચવા લાલચ આપવી પડે છે. કાપલીઓ છાપીને ઈનામ આપવા પડે છે આ સ્થિતિ શું બતાવે છે ?

**દૂર કહીં ધૂઆં ઉઠ રહા હૈ, કૌન દેખને જાયે ?**
**કલ અખબાર મેં પઢ લેંગે આગ કહાં લગી થી !**

### ભાજપ પાસેથી સત્તા છીનવી

# દાંતા તાલુકા પંચાયત ઉપર કોંગ્રેસે કબ્જો જમાવ્યો

## ૨૬માંથી ૧૭ કોંગ્રેસ અને ૯ ભાજપના ફાળે : જિલ્લા પંચાયતની પાંચેપાંચ બેઠક કોંગ્રેસે જીતી ભાજપને આંચકો આપ્યો



તસ્વીર : દિનેશ મહેતા

(પ્રતિનિધિ) અંબાજી, તા. ૨૩

બનાસકાંઠા જિલ્લા અને ૧૪ તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી યોજાયા બાદ જિલ્લામાં વિવિધ તાલુકા મથકે આજે મતગણતરી હાથ ધરવામાં આવી હતી જેમાં દાંતા તાલુકા પંચાયતની ૨૬ બેઠકો અને તાલુકાની ૫ જિલ્લા પંચાયતની ચૂંટણીની મતગણતરી દાંતામાં આદર્શ નિવાસી શાળાના મકાનમાં પોલીસના ચૂસ્ત બંદોબસ્ત વચ્ચે હાથ ધરવામાં આવી હતી, સવારે નવ કલાકે શરુ કરાયેલી મત ગણતરી બાદ બપોરના બે વાગ્યા સુધીમાં તમામ પરિણામો જાહેર કરી દેવામાં આવ્યા હતા જેમાં દાંતા તાલુકા પંચાયત આ વખતે ભાજપે ખોવાનો વારો આવ્યો છે, તાલુકા પંચાયતની કુલ ૨૬ બેઠકોમાંથી કોંગ્રેસે ૧૭ બેઠકો મેળવી પોતાનો કબજો જમાવ્યો છે જ્યારે ભાજપને ૭ બેઠકોથી જ સંતોષ માનવો પડ્યો હતો જ્યારે તાલુકામાં જિલ્લા પંચાયતની પાંચ બેઠકો હતી જે પાંચે પાંચ બેઠકો કોંગ્રેસ જીતી જતાં ભાજપમાં સન્નાટો છવાયો હતો. આ વખતે તાલુકા પંચાયત કોંગ્રેસના ફાળે જતાં તાલુકાનો સુચારુ વિકાસ કરવાની વાત કોંગ્રેસના દાંતા તાલુકા પ્રમુખ ઝાકીરભાઈ અથાણીયાએ કરી હતી.

## કાયદાપ્રેમી કલેક્ટર દિલીપ....... (૧લા પાનનું ચાલુ)

અરાજકતા ફેલાવે છે. ધોળા દહાડે ભરબજારમાં બંદૂકથી ફાયરીંગ કરી પ્રજામાં ભયની લાગણી ફેલાવે છે છતાં હજુ સુધી પોલિસ તંત્ર ગુનાખોરીના મુળ સુધી પહોંચી શક્યું નથી ત્યારે વર્ષોથી શરીફાઈના લીબાઝમાં ફરતા અને સરકારશ્રીની રક્ષિત જમીન દબાવી બેઠેલા તાજના તાલેબાનોની તપાસ થવી જોઈએ એવું છાપીની જાગૃત પ્રજામાં ચર્ચાસ્પદ બન્યું છે. લોકો ભુતકાળને વાગોળતા કહે છે કે......,

ગુજરાત રાજ્યના બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના છાપી ગામમાં લોકલાડીલા રૂપાણી સાહેબની સરકાર ચાલે છે કે ધર્મના નામે છેતરપિંડી કરતા તાજના તાલેબાનોની સરકાર ચાલે છે ? એ પ્રશ્ન લોકજીભે ચર્ચાઈ રહ્યો છે અને તારીખ ૨૩-૧૧-૨૦૧૬ના રખેવાળ અને દિવ્ય ભાસ્કર દૈનિકમાં લોકવેદના સમા કાનૂનના ધજજીયા ઉડાવતા સમાચારો જાહેર થયા છતાં

છાપી હાઈવેના દબાણોને સરકારના જવાબદારો કેટલાય વર્ષોથી છાવરી રહ્યા છે અને કાયદાને મજાક બનાવી દીધો છે અને તાજના ફેંકેલા કાળા નાણાંના ટુકડાઓથી પોતાના પાપી પેટ ભરી રહ્યા છે એ વાત ઓનરેકર્ડ છે જે રૂપાણી સરકારની બદનામી કરે છે. તાજના તાલેબાનોના ગોરખધંધા જિલ્લા પંચાયત ન્યાય સમિતિ સમક્ષ ખુલ્લા થયેલા છે, કલેક્ટર અને કાર્યપાલક ઈજનેરની કચેરીઓમાં ગુનાખોરી સાબિત થયેલી છે એટલે હવે તાજના તાલેબાનો તેમની કરોડો-અબજોની કાળી કમાણીને ઈન્કમટેક્ષથી બચાવવા દોડાદોડીમાં પડ્યા છે, તાજનગરના ૫૦-૫૦ લાખના બંગલાઓના કબાડા થઈ રહ્યા છે. જૂના સ્ટેમ્પોનો ઉપયોગ થઈ રહ્યો છે. એ કબાડાબાજીની ભુતકાળમાં લખાયેલ કથા ફરીને અલગથી મુકવામાં આવશે જેના ઉપર સરકારે જાહેરહિતાર્થે યોગ્ય હુકમ કરી તાજના તાલેબાનોના તાજનગરના કાળા નાણાંનો હિસાબ પુછવાનો સમય આવી ગયો છે.

## કોંગ્રેસનો પંજો છવાયો.... (૧લા પાનનું ચાલુ)

બેઠકોથી સંતોષ માનવો પડ્યો હતો. જ્યારે ૧૪ તાલુકા પંચાયત પૈકી ભાજપના ફાળે અમીરગઢ, ધાનેરા, ડીસા, થરાદ, વાવ, સુઈગામ એમ છ અને કોંગ્રેસના ફાળે પાલનપુર, વડગામ, દાંતા, કાંકરેજ તેમજ ભાભર એમ પાંચ તાલુકા પંચાયત ગઈ હતી. લાખણી અને દિયોદર તાલુકા પંચાયતમાં ટાઈ પડી હતી જ્યારે દાંતીવાડા તાલુકા પંચાયતમાં કોઈ પક્ષને સ્પષ્ટ બહુમતિ મળી નથી એવું જાહેર કરાયું હતું. જો કે, અહીં કોંગ્રેસને સૌથી વધુ ૯ બેઠકો અને ભાજપને ૭ બેઠક જ્યારે અન્યને ૨ બેઠકો મળી હતી.

# મિટ્ટી સે બને હેં - મિટ્ટી મેં મિલના હૈ : ઓશો



પુરાણ કાળની વાત છે જયારે પરમાત્માએ સૃષ્ટિની રચના કરી અને પછી મનુષ્યની રચના કરી અને મનુષ્યને માટીથી બનાવ્યો.

જયારે માનવીની સંપૂર્ણ રચના થઈ ગઈ ત્યારે પરમાત્માએ તમામ દેવી-દેવતાઓને બોલાવ્યા અને બધાને સંબોધીને કહ્યું જુઓ મેં માટીમાંથી મનુષ્ય બનાવ્યો... આ માટી શ્રેષ્ઠતમ રચના છે. માનવીથી શ્રેષ્ઠ મારી કોઈ રચના નથી.... પરંતુ એક દેવતાએ વચમાં સવાલ કર્યો કે, હે પરમાત્મા અમને એ નથી સમજાતું કે મામુલી માટીથી શ્રેષ્ઠ વસ્તુ બને કેવી રીતે એ સમજાયું નહીં.... જો આપ સોના વડે બનાવતા કે ચાંદીથી બનાવતા કે ચાંદીથી બનાવતા... અરે છેવટે લોખંડથી બનાવતા...! પણ તમોને માટી સિવાય બીજું કંઈ ન મળ્યું ? પરમકૃપાળુએ જવાબ આપ્યો જેણે શિખર ઉપર પહોંચવું હોય તેણે પાયાથી ચઢવાની શરુઆત કરવી પડે છે. જેને સ્વર્ગ જવું હોય તેણે નર્કમાં પણ પગલાં પાડી નર્કની અવદશાને નિહાળવી જોઈએ.. જેણે ઉપર ઉઠવું હોય તેણે પ્રથમ નમ્રતા પૂર્વક નમવું પડે છે પછી પરમાત્માએ સવાલ કર્યો કે... તમારામાંથી કોઈએ ક્યારેય પણ સોનામાં ઉગેલી કોઈ વસ્તુને જોઈ છે ખરા ? ચાંદીમાં કોઈ વસ્તુને ઉગતી દેખી ? સોનામાં બીજ નાંખો ક્યારેય ઉગશે નહીં બીજ જ મરી જશે સોનામાં ! જયારે માટીમાં એ ઉગી જશે વિસ્તરશે.... ખુશ્બુ ફેલાવશે... અને સમગ્ર વાતાવરણ સુગંધિત બની જશે એટલે માટીમાંજ સંભાવના છે, સોના-ચાંદીમાં કોઈ ક્ષમતા જ નથી. સોનું અને ચાંદી તો મૃત છે એટલે જ તો લોકો સોના-ચાંદી પાછળ પાગલ થયા છે અને મા-બાપને પૂજવાના બદલે સોના-ચાંદીને પૂજે છે અને એક બિજાના લોહીના દુશ્મન બને છે એટલે સોનું - ચાંદી - ઝવેરાત નહીં સૌથી મુલ્યવાન તો માટી છે. જેમાંથી ઉગે છે, સર્જન થાય છે, વિકાસ થાય છે એટલે માટીને પૂજવી, માથે ચઢાવી ઈશ્વરનો આભાર માનવો જરુરી છે. કેમકે, સમગ્ર કાયનાત માટીમાંથી બની છે અને આખરે માટીમાં જ ભળી જવાનું છે એ સનાતન સત્યનો કોણ ઈન્કાર કરી શકે તેમ છે ?

ધી મેસેજ

**શબ્દની આરપાર જીવ્યો છું**
**હું બહું ધારદાર જીવ્યો છું**
**સામે પુરે ધરાર જીવ્યો છું**
**વિષ મહીં નિર્વિકાર જીવ્યો છું**
**- અમૃત ઘાયલ**